ભાજપએ ભીખીબેન પરમારને મેદાનમાં ઉતાર્યા, કોંગ્રેસમાં મહેન્દ્રસિંહ વાઘેલા નિશ્ચિત

# બાયડ વિધાનસભામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ જામશે

## ઠાકોર-ક્ષત્રિય મતદારોની મત બેંક ઉપર ભાજપની નજર : આમઆદમી પાર્ટીએ પાટીદાર ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા બાયડ

(બ્યુરો ઓફીસ), તા.૧૧

હાઈપ્રોફાઈલ બની રહેનારી બાયડ વિધાનસભા બેઠકનો જંગ રસાકસી ભર્યો બની શકે છે. આમઆદમી પાર્ટી મુખ્ય રાજકીય પક્ષ પાસેથી જીતનો કોળીયો ખૂંચવી લેવા માટે મરણીયા પ્રયાસ કરશે. ભાજપે પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમારને મેદાનમાં ઉતારી ઓ.બી.સી., ઠાકોર કાર્ડ ખેલ્યું છે. જ્યારે કોંગ્રેસ ક્ષત્રિય કાર્ડ ખેલી મહેન્દ્રસિંહ વાઘેલાને મેદાનમાં ઉતારે તે નિશ્ચિત છે. જ્યારે આમઆદમી પાર્ટીએ બાયડ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ, તાલુકા ભાજપ સંગઠન પૂર્વ પ્રમુખ ચૂનીલાલ પટેલને મેદાનમાં ઉતારી પાટીદાર મત અંકે કરવાનું ગણિત માંડ્યું છે.

બાયડ બેઠકમાં ભાજપ અને કોંગ્રેસના અગાઉના હરિફ ફરી એકવાર મેદાનમાં ઉતર્યા છે. ભાજપ માટે બાયડ બેઠક જીતવી એ પ્રતિષ્ઠાનો જંગ બની રહેશે. વર્ષોથી બાયડ બેઠક કોંગ્રેસનો ગઢ ગણાય છે પરંતુ વર્ષ-૧૯૯૨, વર્ષ-૨૦૦૨ અને ૨૦૦૭માં ભાજપે વિજય મેળવ્યો હતો અને ત્યારબાદ ભાજપ આ બેઠક ઉપર ફરીથી જીતી શક્યું નથી ત્યારે આ વખતે પણ બાયડ બેઠક માટે ૩૪ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. જેથી કોઈપણ પુરુષ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા પછી ખેંચતાણ વધવાની દહેશતને પગલે ભાજપે મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારી એક કાંકરે અનેક પક્ષીઓનો સફાયો કરી દીધો છે. ભીખીબેન ગીરવતસિંહ પરમાર માલપુર તાલુકાના હોવાથી ભાજપે માલપુર તાલુકાના સૌથી વધુ મત અંકે કરી અને બાયડ તાલુકામાં સરસાઈ સતત વધારી રાખવાના ગણિત સાથે મહિલાને મેદાનમાં ઉતાર્યાની ચર્ચા છે. જ્યારે બાયડ તાલુકાનો પશ્ચિમગાળો વર્ષોથી ભાજપનો ગઢ ગણાય છે પરંતુ ભાજપે એકપણ પાટીદારને આજદિન સુધી ટીકીટ આપી નથી. જ્યારે આમઆદમી પાર્ટીએ પશ્ચિમ ગાળામાં પાટીદાર આગેવાન શૂનીભાઈ બબાભાઈ પટેલને મેદાનમાં ઉતારી ભાજપના મતોના ધ્રુવિકરણનું ગણિત માંડ્યું છે. જ્યારે કોંગ્રેસમાં ઉમેદવાર નક્કી નથી અને વર્તમાન ધારાસભ્ય જશુભાઈ પટેલને ટીકીટ મળવાની સંભાવના ન હોવાથી તેમની નારાજગી કોંગ્રેસને ડંખશે કે કેમ ?? તેની આશંકા વચ્ચે કોંગ્રેસ દ્વારા પૂર્વ મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલાના પુત્ર અને આજ વિસ્તારના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે.

### ભાજપની નજર ૧.૧૯ લાખ મહિલા મતદારો ઉપર

ભાજપે બાયડ વિધાનસભા મતક્ષેત્રના અત્યાર સુધીના ઈતિહાસને ધ્યાને રાખી પ્રથમવાર મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે. બાયડ વિધાનસભા મતક્ષેત્રના ૨,૪૫,૫૫૮ નોંધાયેલા મતદારોમાં ૧,૧૯,૯૧૮ મહિલા મતદારો છે. જ્યારે વિધાનસભા મતક્ષેત્રના ૧૮ મતદાન મથકો ઉપર ભાજપના મહિલા કાર્યકરોએ બુથ લેવલ સુધી જે કામગીરી કરી હતી તે ભાજપને ફળશે કે કેમ ?? તે કહેવું ઉતાવળીયું છે પરંતુ તા.૮ ડિસેમ્બરે કોણ મેદાન મારી ગયું તેના ઉપર સૌની નજર ટેકવાઈ જશે.

### બાયડ બેઠક ભાજપે કોંગ્રેસના ખોળામાં અર્પણ કર્યાની ચર્ચા

બાયડ વિધાનસભા બેઠકમાં ભાજપે પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમારને મેદાનમાં ઉતાર્યા છે. હાઈપ્રોફાઈલ બની ગયેલી બેઠકમાં કોંગ્રેસ દ્વારા રાજ્યના પૂર્વ મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલાને મેદાનમાં ઉતારવાની છે જેથી સબળ ઉમેદવાર ભાજપે મૂકવો જોઈતો હતો તેના બદલે ઉમેદવારની પસંદગીથી બેઠકમાં ફિક્સિંગ થયાની ચર્ચાઓ દિવસ દરમ્યાન મત વિસ્તારમાં સાંભળવા મળતી હતી.


ઈડર વિધાનસભાનો ચૂંટણી જંગ

# ભાજપના ઉમેદવાર રમણલાલ વોરા સોમવારે વિધાનસભાની દાવેદારી માટે ફોર્મ ભરશે

## શુભ મૂહર્ત ૧૨-૩૯ કલાકે મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેશે, વિધાનસભા મતક્ષેત્રમાં દિવાળી જેવો માહોલ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૧

ભાજપના કાર્યકરો અને મતદારોની માંગની નાળ પારખી ભાજપે આખરે ઈડર વિધાનસભા બેઠક ઉપર પૂર્વ કેબિનેટ મંત્રી અને ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાને મેદાનમાં ઉતારતાં સમગ્ર મત વિસ્તારમાં છેલ્લા ૨ દિવસથી દિવાળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. રમણલાલ વોરા તા.૧૪ નવેમ્બર, સોમવારે વિધાનસભાની દાવેદારી માટે શુભ મૂહર્ત ૧૨-૩૯ કલાકે ઉમેદવારીપત્ર ભરશે તેમ જાણવા મળ્યું છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર વિકાસના કામની હંમેશાં નોંધ લેવાતી હોય છે. ઉત્તર ગુજરાતમાં ભાજપે અનેક સિનિયર નેતાઓની ટીકીટ આપી નથી ત્યારે ઈડરીયો ગઢ જીતવા માટે ભાજપે ફરી એકવાર રમણલાલ વોરાને મેદાનમાં ઉતારીને ઉંમર નહીં પરંતુ તમારી કામગીરી કેવી છે તેની ભાજપ નોંધ લે છે તે ફરી એકવાર સાબિત કરી આપ્યું છે. ગત રોજ જિલ્લાની ૪ પૈકી ૩ વિધાનસભા બેઠકના ભાજપે ઉમેદવારો જાહેર કર્યા. હિંમતનગર બેઠકનું કોકડું હજુ પણ ગુંચાયેલું છે. જ્યારે ઈડર બેઠક ઉપર ભાજપ હિતુ કનોડીયાને રીપીટ કરે તેવી સંભાવના નહીંવત હતી કારણ કે છેલ્લા ૫ વર્ષ દરમ્યાન ગુજરાતી ફિલ્મના કલાકારે મતદારો અને પ્રજાને ભગવાનના ભરોસે છોડી દીધી હતી અને મત વિસ્તારના સર્વાંગી વિકાસ માટે કોઈ રૂચિ ન દાખવતાં વિધાનસભાની ચૂંટણી નજીક આવતાં ઈડર અને વડાલીના ગામોમાંથી રમણલાલ વોરા સિવાય કોઈ વાત નહીં તેવો સાર્વત્રિક સુર સામે આવ્યો હતો. ઉમેદવારની પસંદગી માટે આવેલા નિરીક્ષકો સમક્ષ પણ તમામ સમાજના આગેવાનોએ એક જ અવાજે રમણલાલ વોરાને મેદાનમાં ઉતારવા માટે રજૂઆત કરી હતી આખરે પ્રદેશ અને કેન્દ્રીય હાઈકમાન્ડે રમણલાલ વોરાના નામ ઉપર પસંદગીની મહોર મારતાં ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં તેઓ ભવ્ય વિજય મેળવશે તેવું ભાજપના કાર્યકરોએ જણાવ્યું છે. સોમવારે શુભ મૂહર્તમાં ભાજપના ઉમેદવાર રમણલાલ વોરા કાર્યકરોને સંબોધન કર્યા પછી પોતાનું ઉમેદવારીપત્ર રજૂ કરશે તેમ જાણવા મળ્યું છે.

# ભિલોડામાં ઉત્તર ગુજરાતની જ્ઞાન શાળાઓનો ભવ્ય એક દિવસીય સંસ્કાર નિર્માણ શિબિર યોજાયો

**બાળકોમાં સારા સંસ્કાર આજના યુગની જરૂરિયાત છે -ડોક્ટર મુનિશ્રી મદનકુમાર જી : ભિલોડા નું ચોમાસુ ભવ્ય, ઐતિહાસિક અને સફળ રહ્યું -ડોક્ટર મુનિશ્રી મદનકુમાર જી**

ભિલોડા,તા.૧૧

મહાતપસ્વી આચાર્યશ્રી મહાશ્રમણજીના શિષ્ય ડોક્ટર . મુનિશ્રી મદનકુમારજીના સાન્નિધ્યમાં અને શ્રી સિદ્ધાર્થ કુમારજીના નિર્દેશનમાં અરવલ્લી જિલ્લાના ભિલોડામાં ઉત્તર ગુજરાતની જ્ઞાન શાળાઓનો ભવ્ય એક દિવસીય સંસ્કાર નિર્માણ શિવિર યોજાયો.ભિલોડા નગરી જ્ઞાન શાળા નગરી બની ગઈ .સવારના ૭:૦૦ વાગે થી સાંજના ૭:૦૦વાગ્યા સુધી યોજાયેલ આ શિવિર માં કચ્છ ,સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, મહેસાણા, ગાંધીનગર ,મહીસાગર વગેરે ૭ જિલ્લાઓની ૧૪ જ્ઞાનશાળા લુણાવાડા, મેઘરજ, મોડાસા, ભિલોડા, બડોલી, ઈડર, ખેડબ્રહ્મા, હિંમતનગર, પ્રાંતિજ, માણસા, પાલનપુર, ગાંધીધામ, ડીસા, ધાનેરા ના બાળકોએ ઉત્સાહ અને ઉમંગથી પરિશ્રમ (મહેનત )કરીને પ્રદર્શની અને પ્રસ્તુતિમાં ભાગ લીધો. પ્રદર્શની માં પહેલો,બીજો,અને ત્રીજો નંબર અનુક્રમે ડીસા, ગાંધીધામ અને ધાનેરા નો રહેલ અને પ્રસ્તુતિમાં પહેલો,બીજો અને ત્રીજો નંબર અનુક્રમે ભીલોડા, ખેડબ્રહ્મા અને હિમંતનગર નો રહેલ. તેમનું મોમેન્ટો દ્વારા સમ્માન કરવામાં આવેલ. શિવિર માં ભાગ લીધેલ દરેક બાળકોને પ્રોત્સાહન ઈનામ પણ તેરાપંથી ઉપસભા અને તેરાપંથી મહિલા મંડળ દ્વારા આપવામા આવેલ. કુલ મળીને લગભગ ૨૫ ગામો અને શહેરોના શ્રાવક-શ્રાવિકાઓ એ પણ આ શિવિર માં ભાગ લીધો .જેમાં પાંડરવાડા, માલપુર, ખેરંચા, ગોજારીયા, ચલથાણ, ચીખલી, સુરત, ડુંગરી અમદાવાદ અને બરોડાના હતા. સુરત થી જ્ઞાન શાળાના પ્રભારી અને સંયોજક અને ઉપસંયોજક અને નવ ભાઈ- બહેનોની ટીમે પણ શિવિર માં ભાગ લીધો. ઉત્તર ગુજરાતની આટલી બધી જ્ઞાન શાળાઓનો એકસાથે આ પ્રકારનો પહેલો કાર્યક્રમ યોજાયો એમ કહી શકાય. શિબિરમાં પોતાના વિચારો રજુ કરતા ડોક્ટર મુનીશ્રી મદનકુમારજી એ કહ્યું કે બાળકોમાં સારા સંસ્કાર આજના યુગની જરૂરિયાત છે. સંસ્કાર નિર્માણ વગર નું જીવન અધુરુ છે.ભિલોડામાં ચોમાસાની પૂર્ણાહુતિ પર યોજાયેલ મંગલ ભાવના ના કાર્યક્રમમાં મુનીશ્રી એ કીધું કે ભિલોડા નું ચોમાસુ ભવ્ય, ઐતિહાસિક અને સફળ રહ્યું. મુની શ્રી એ ભિલોડા થી વિહાર કરી બડોલી થઈ ઈડર તરફ જવાનો કાર્યક્રમ બનાવ્યો છે. દાહોદ - બરોડા થી આવેલ બાળકોએ મીડ બ્રેઈન એક્ટિવિટી અને ડેગાના સુરતથી આવેલ બાળકીએ યોગાની અદભુત પ્રસ્તુતિ આપી હતી.

# પ્રાંતિજ વિધાનસભા માટે ઉમેદવાર તેમના નામની દરખાસ્ત ૧૭મી નવેમ્બર સુધી મોકલી શકશે

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે ૩૩-પ્રાંતિજ વિધાનસભા મતદાર વિભાગની ચૂંટણીની નોટીસ તા.૧૦/૧૧/૨૦૨૨ ના રોજ પ્રસિધ્ધ કરેલ છે. જે અનુસાર આ વિધાનસભા મતદાર વિભાગના ઉમેદવારી પત્રો તા. ૧૦/૧૧/૨૦૨૨થી તા. ૧૭/૧૧/૨૦૨૨ સુધી કામકાજના દિવસો દરમિયાન સવારના ૧૧-૦૦ કલાકથી બપોરના ૩-૦૦ કલાક દરમિયાન ચૂંટણી અધિકારી,૩૩-પ્રાંતિજ વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, પ્રાંતિજની કચેરી ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને મામલતદાર પ્રાંતિજની કચેરી ખાતે સ્વીકારવામાં આવશે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા.(૧૮/૧૧/૨૦૨૨) શુક્ર્વારના રોજ ૧૧-૦૦ કલાકે હાથ ધરવામાં આવશે. ઉમેદવારી પત્રો તા. ૨૧/૧૧/૨૦૨૨ (સોમવાર)ના રોજ બપોરના ૩-૦૦ કલાક પહેલા પાછા ખેંચી શકાશે. ચૂંટણી લડાશે તો મતદાન તા. ૫/૧૨/૨૦૨૨ના રોજ સવારના ૮-૦૦ કલાક થી સાંજના ૫-૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે. એમ એમ.એન. ડોડીયા, ચૂંટણી અધિકારી, ૩૩-પ્રાંતિજ વિધાનસભા મતદાર વિભાગની અને પ્રાંત અધિકારી પ્રાંતિજની એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# પોલીસ પતિના ખુન કેસમાં પત્ની તથા તેના પ્રેમીને હિંમતનગર સેસન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી

હિંમતનગર,તા. ૧૧

પ્રાંતિજ પો.સ્ટે.ના તત્કાલીન પો.ઈન્સ. શ્રી એમ.ડી.ચંપાવત સા. ને પી.એસ.ઓ. દ્વારા તા.૨૯/૧/૨૦ નારોજ પ્રાંતિજ તાલુકાના ઘડકણથી સુખડ રોડ ઉપર અજાણ્યા પુરુષની લાશ મળેલ હોવાના સમાચાર અંગે તેઓએ સ્થળ તપાસ કરતાં તપાસ દરમ્યાન મરનાર અશ્વિનકુમાર કાન્તીલાલ ચાવડા રહે.કૃષ્ણનગર અમદાવાદ ના હોવાનું અને પોલીસ ખાતામાં ફરજ બજાવતા હોવાનું જણાઈ આવેલ અને તેના પત્ની નિશાબેન વા/ઓ અશ્વિનકુમાર કાન્તીલાલ ચાવડા નાઓએ કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાના કબજાનું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે પુરઝડપે હંકારી લાવી તેઓના પતિ અશ્વીનકુમાર ને ટકકર માળી માથા ના ભાગે ગંભીર ઈજાઓ તથા શરીરે ઓછાવત્તા ઈજાઓ પોહચાડી મોત નીપજાવી પોતાનું વાહન લઈ નાસી જઈ ગુન્હો કરેલાની ફરીયાદ આપી હતી.

આ કામે સ્થળ તપાસ દરમ્યાન પ્રથમથી બનાવ બાબતે શંકા ગયેલ હોય પોલીસ અધિક્ષક સા. શ્રી ચૈતન્ય મંડલીક સાહેબ તથા એ.એસ.પી. લવિના સિન્હાના માર્ગદર્શન હેઠળ પો.ઈન્સ. શ્રી એમ.ડી.ચંપાવત નાઓએ ઝીણવટભરી રીતે તપાસ હાથ ધરી મરનારની લાશનુ ઈકવેંશટ પંચનામુ તથા ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જરૂરી મુદ્દામાલ કબજે કરી ડોગસ્કોડ તથા સ્થાનીક એફ.એસ.એલ. ની મદદ લઈ મરનારના તથા તેની પત્નીના મોબાઈલ ફોનની કોલડીટેલ આધારે તપાસ કરતાં આરોપી મનીષભાઈ અમૃતભાઈ પરમાર સાથે મરનારની પત્ની નિશાબેનને પ્રેમ સંબંધ હોય અને નિશાબેનના પતિ મરણજનાર અશ્વિનકુમાર કાન્તીલાલ ચાવડા તેમાં અડચણ રૂપ હોય તેના કારણે નિશાબેન તથા મનીષભાઈ એ પુર્વ યોજીત કાવતરૂ રચી મરનારને દારૂ પીવડાવવાની લાલચ આપી નિશાબેને મરનારને મનીષભાઈ પરમારની હુન્ડાઈ સેન્ટ્રો ગાડીમાં બેસાડી આપતાં મનીષભાઈ પરમાર તથા નિલેષભાઈ ચમાર મરનારને સુખડગામની સીમમાં લઈ જઈ સુખડ થી ઘડકણ જતા રોડ ઉપર ગાડી માંથી નિચે ઉતારી ગળામાં બાંધેલ મફલરથી ગળે ટુંપો આપી મારી નાખી ઢસડી લઈ જઈ મરનારની ઓળખ ન થાય તે સારૂ લાશ ઉપર ગાડી રીવર્સમાં ચડાવી દઈ મોત નિપજાવેલાની હકીકત શોધી કાઢેલ અને તે અંગે યોગ્ય પુરાવાઓ એકત્રીત કરી આરોપીઓ વિરુધ્ધમાં ચાર્જશીટ કરતાં સેસન્સ કેસનં.૩૨/૨૦૨૦ થી દાખલ થયો હતો. કેસ નામદાર સેસન્સ કોર્ટ હિમતનગર ખાતે ચાલતા ફરીયાદ પક્ષે મદદનીશ જિલ્લા સકારી વકીલ શ્રી હેતલબેન બી ત્રિવેદી નાઓએ તપાસ અમલદાર તથા સાહેદોની જુબાની તથા દસ્તાવેજી પુરાવઓ યોગ્ય રીતે રજુ કરી ધારદાર દલીલો કરેલ જેથી સમાજમાં અવાર નવાર બનતા મર્ડરના ગુનાઓને ધ્યાને લઈ સાબરકાંઠા જિલ્લાના મે. પ્રિન્સીપાલ રીપ્શીકટ એન્ડ સેસન્સ જજ (મે.કુ.એસ.વી.પીન્ટો) સા. નાઓએ તા.૧૦/૧૧/૧૨ ના રોજ અરોપી નં.૧ મનીષકુમાર અમૃતભાઈ પરમાર ને ઈ.પી.કો.કલમ ૩૦૨,૧૨૦-બી ના ગુનામાં તકસીરવાન ઠરાવી આજીવન કેદ તથા રૂ.૧૦,૦૦૦/નો દંડ અને જો દંડની રકમ નભતો વધુ છ માસની કેદની સજા તેમજ આરોપી નં.૩ મરનારની પત્નિ નિશાબેન અશ્વિનકુમાર ચાવડાને ઈ.પી.કો. કલમ ૩૦૨,૧૨૦-બીના ગુનામાં તકસીરવાન ઠરાવી આજીવન કેદ ની સજા તથા ૩૦૦૦૦/ નો દંડ અને જો દંડની રકમ ન રેતો વધુ છ માસની કેદની સજા તથા ઈ.પી.કો કલમ ૨૦૩ ના ગુનામાં તીવાન કરાવી રૂ.૧૦,૦૦૦/ નો દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ છ માસની કેદની સજા ફરમાવવાનો હુકમ કરેલ છે.

# પાલનપુરમાં ભાજપએ યુવા ઉમેદવાર અનિકેત ઠાકરને આપી ટીકીટ

પાલનપુર તા.૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ને લઈને ભાજપે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરતા રાજકીય ગરમાવો આવ્યો છે. જેમાં પાલનપુર વિધાનસભા સીટ પર ભાજપે યુવા ઉમેદવારને ટીકીટ આપી અપસેટ સર્જ્યો છે.



પાલનપુર વિધાનસભા સીટ પર ભાજપમાંથી ૮૪ ઉમેદવારોએ ટીકીટ માંગી હતી. જોકે, અનેકવિધ સમાજોએ પણ પાલનપુરની ટીકીટ માટે લોબિંગ કર્યું હતું. ત્યારે ભાજપે અપસેટ સર્જતાં પાલનપુરના બ્રહ્મ સમાજના યુવા ઉમેદવાર અનિકેત ઠાકરને ટીકીટ આપી સૌ કાઈને આંચકો આપ્યો છે. ત્યારે ભાજપના ઉમેદવાર અનિકેત ઠાકરે ભાજપમાં કાર્યકરની કદર થતી હોવાની લાગણી વ્યક્ત કરતા ધીરજના ફળ મીઠા હોવાનું જણાવી ભાજપ મોવડી મંડળનો આભાર વ્યક્ત કર્યો હતો.

**વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨**

## સાબરકાંઠા જિલ્લામાં ચૂંટણી ખર્ચ અંગે રજૂઆત કરવા માટે ટોલ ફ્રિ નં ૧૮૦૦-૨૩૩-૬૦૧૩ જાહેર કરાયો

**૨૭ હિંમતનગર અને ૩૩ પ્રાંતિજ વિધાનસભા બેઠક માટે મદદનીશ ખર્ચ નિરીક્ષકોના નંબર જાહેર કરાયા**

હિંમતનગર, તા. ૧૧

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ ને અનુલક્ષીને સાબરકાંઠા જિલ્લાના ૨૭-હિંમતનગર અને ૩૩-પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તાર માટે ભારતના ચૂંટણી પંચ તરફથી નિમવામાં આવેલ ખર્ચના ઓબ્ઝર્વરશ્રી વિનિતકુમાર I.R.S.(C&CE) તા.૦૯/૧૧/૨૦૨૨ના થી હિંમતનગર-સાબરકાંઠા ખાતે આવ્યા છે. ઓબ્ઝર્વરશ્રીનો સંપર્ક કરવા માટે સર્કીટ હાઉસ-હિંમતનગર ખાતેના લેન્ડલાઈન નં.-૦૨૭૭૨-૨૯૯૦૨૭ અને મોબાઈલ નં.-૯૭૭૩૦૯૨૪૬૭ છે. સાથે ૨૭-હિંમતનગર વિધાનસભા મત વિસ્તાર માટે મદદનીશ ખર્ચ નિરીક્ષકશ્રી પી. પી. રાઠોડ છે. જેમનો મોબાઈલ નંબર ૯૪૨૮૨૧૮૫૩૬ તથા તેમનુ ઈ-મેઈલ આઈડી aeo27himt2022@gmail.com છે.

૩૩-પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તાર માટે મદદનીશ ખર્ચ નિરીક્ષકશ્રી પટેલ વિજયભાઈ ઘનશ્યામભાઈ છે. જેમનો મોબાઈલ નંબર અનુક્રમે ૯૬૬૪૯૬૭૬૭૫ તથા તેમનુ ઈ-મેઈલ આઈડી aeo33pran2022@gmail.com છે. રાજકીય પક્ષો/ઉમેદવારોનો ચૂંટણી ખર્ચ અંગે કોઈપણ જાતની રજુઆત કે ફરીયાદ હોય તો ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ અંગેનો જિલ્લાનો ૨૪ x ૭ કંટ્રોલરૂમનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૬૦૧૩ છે. જેની સાબરકાંઠા જિલ્લાની જાહેર જનતાએ નોંધ લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, સાબરકાંઠાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ધાનેરા આમ આદમી પાર્ટીના વિધાનસભાના ઉમેદવારનું ભવ્ય સ્વાગત

ધાનેરા તા.૧૧

ધાનેરા વિધાનસભાની ચુંટણીમાં આમ આદમી પાર્ટીએ ડીસાના વતની સુરેશભાઈ દેવડાને ટીકીટ ફાળવી છે સુરેશ દેવડાએ આજે ધાનેરાની મુલાકાતે આવેલા ત્યારે તેમનું આપના કાર્યકરો અને આગેવાનો દ્વારા ફટાકડા ફોડી ફુલહાર કરી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સુરેશ દેવડા યુવાન અને ઉત્સાહી ઉમેદવાર હોવાથી ધાનેરામાં તેમને તમામ સમાજના લોકોમાં સારો આવકાર મળી રહ્યો છે તેમણે જણાવ્યું હતું કે આ વખતે એક મોકો આમ આદમી પાર્ટીને આપો અને ધાનેરાની વર્ષો જુની પાણીની સમસ્યાનો સૌ પ્રથમ ઉકેલ લાવીશ અને યુવાનો ને રોજગારી મળી રહે તે માટે જી.આઈ.ડી.સી.ની સ્થાપના કરવાની ખાત્રી આપુ છું.

હિતુ કનોડીયાને પાછલા ૫ વર્ષની નબળી કામગીરી નડી

# ઈડર વિધાનસભા બેઠકમાં ભાજપે અનુભવી રમણલાલ વોરાને મેદાનમાં ઉતારતાં ખુશાલી

**સોશ્યલ મીડીયામાં ગબ્બર ઈઝ બેકના સૂત્રો છવાયા**

બાયડ (બ્યુરોઓફીસ),તા.૧૧

ઈડર વિધાનસભા બેઠકમાં ભાજપે આખરે લોકમાંગણી અને સંગઠનની રજૂઆતને ધ્યાને લઈ અનુભવી રમણલાલ વોરાને મેદાનમાં ઉતારતાં ગુરુવાર સવારથી ઈડર-વડાલી વિધાનસભા મતક્ષેત્રમાં ખુશાલી જોવા મળી છે. જ્યારે ગુજરાતી ફિલ્મના કલાકાર હિતુ કનોડીયાએ પાછલા ૫ વર્ષ દરમ્યાન મતક્ષેત્રના યોગ્ય વિકાસ માટે કોઈ કામ ન કરતાં નબળી કામગીરીથી ટીકીટ છીનવાયાનું બહાર આવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા જિલ્લાની ૪ વિધાનસભા બેઠક હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજમાં ભાજપ કોને મેદાનમાં ઉતારશે તેની અટકળો છેલ્લા ૧ મહિનાથી ચાલતી હતી. ખેડબ્રહ્મા બેઠકમાં કોંગ્રેસને રામ રામ કરી ભાજપમાં જોડાયેલા અશ્વિન કોટવાલની ટીકીટ ફાઈનલ ગણાતી હતી. ગુરુવારે દિલ્હીથી હાઈકમાન્ડ દ્વારા જિલ્લાની ૪ પૈકી ૩ વિધાનસભા બેઠકના ઉમેદવારોના નામ જાહેર થયા છે જેમાં ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ કેબિનેટ મંત્રી રમણલાલ વોરાને ઈડર વિધાનસભાના ચૂંટણી જંગમાં ઉતારીને લોકમાંગણીનો હાઈકમાન્ડે સ્વીકાર કર્યાનું ચિત્ર સામે આવ્યું છે. આ વિસ્તારમાં દરેક ગામ અને શહેરી વિસ્તારમાંથી રમણલાલ વોરાને જ મેદાનમાં ઉતારવામાં આવે તેવી જિલ્લા તેમજ પ્રદેશ સંગઠન સુધી રજૂઆત થઈ હતી અને રજૂઆતો સ્વીકારાઈ હોય તેવું જણાઈ રહ્યું છે. પાછલા ૫ વર્ષ દરમ્યાન ધારાસભ્ય તરીકે હિતુ કનોડીયા હોવા છતાં રમણલાલ વોરાએ ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં સિંચાઈના પાણીથી માંડી ખેડૂતોના અનેક પ્રશ્નોમાં રસ દાખવી ઉકેલ લાવ્યા હતા અને તેના કારણે જ સમગ્ર મત વિસ્તારનો એક જ અવાજ હતો કે અમારે બીજા કોઈ ઉમેદવાર નહીં જોઈએ. રમણલાલ વોરાને ભાજપે મેદાનમાં ઉતારતાંની સાથે સોશ્યલ મીડીયામાં ગબ્બર ઈઝ બેક. ના સૂત્રો ફરતા થયા હતા. જ્યારે પ્રાંતિજ બેઠકમાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાનો ભાજપ પ્રવેશ ફોગટ સાબિત થયો અને વર્તમાન ધારાસભ્ય અને સરકારના મંત્રી ગજેન્દ્રસિંહ પરમારને ભાજપે ફરી એકવાર મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે હાઈપ્રોફાઈલ બનનારી હિંમતનગર બેઠકમાં ભાજપે નામ જાહેર ન કરતાં તેમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

# મોડાસા : રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીક ઈકો કારમાંથી ૧૭૬ બોટલ વિદેશી દારૂ ઝડપ્યો

## બે બુટલેગરોને દબોચ્યા







મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ પોલીસતંત્ર વિધાનસભાની ચૂંટણીમાં ગેરકાયદેસર પ્રવૃતિઓ અને દેશી- વિદેશી દારૂની રેલમછેલ અટકાવવા સતત દોડાદોડી કરી રહી છે બુટલેગરો માટે સિલ્કરૂટ તરીકે જાણીતા અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ પરથી જીલ્લા પોલીસતંત્ર સતત વિદેશી દારૂ ઝડપી રહી છે મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીક ઈકો કારમાંથી ૩૯ હજારના દારૂ સાથે બે બુટલેગરોને ઝડપી લીધો હતો ઈકો કારમાં ભરેલો દારૂ અમદાવાદના બુટલેગર અકબર વોરાને પહોંચાડવાનો હતો.

મોડાસા રૂરલ પીએસઆઈ સી.એફ.રાઠોડ અને તેમની ટીમે રાજેન્દ્રનગર ચોકડી પર નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરતાં બાતમીના આધારે ઈકો કારને અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂ-બિયર બોટલ નંગ-૧૭૬ કીં.રૂ.૩૯ હજાર રૂપિયા સાથે કાર ચાલક બુટલેગર આશીફખાન શેરખાન પઠાણ (રહે,મધુ મંગલ સોસાયટી,વેજલપુર-અમદાવાદ) અને અવિનાશ અમૃત ખરાડી (રહે,રાયપુર, ભિલોડા) ને દબોચી લઈ વિદેશી દારૂ, મોબાઈલ, કાર સહીત મુદ્દામાલ મળી રૂ.૩.૪૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી દારૂ મંગાવનાર અકબર વોરા (રહે,સુરતી સોસાયટી, રામોલ-અમદાવાદ) તેમજ કારમાં દારૂ ભરી આપનાર જેકી (રહે, ઝાઝરી) નામના બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.